**કતારગામ પાર્થ કોમ્પ્લેક્ષમાં આવેલ પ્રસંગ જવેલર્સમાં લુંટના ઈરાદે દુકાનમાં ઘુસી દુકાન માલીકને ઉપરા છાપરી ચપ્પુના ઘા મારી જીવલેણ ઈજાઓ કરી નાસી ગયેલ આરોપીને ગણતરીના દિવસોમાં ઝડપી પાડતી સુરત શહેર ક્રાઇમ બ્રાંચ**

કતારગામ પો.સ્ટે. હદ વિસ્તારમાં આવેલ પ્રસંગ જવેલર્સની દુકાનમાં અજાણ્યા ઈસમોએ લુંટના ઈરાદે દુકાનમાં ઘુસી દુકાન માલીક નીતીનભાઈ નગીનભાઈ સોની રહે.બી/૧૦૨, પરદેશીપાર્ક સોસાયટી અમરોલી, સુરતનાઓને ચપ્પુના ઘા મારી હત્યાની કોશિષ કરી નાસી જવાનો ગંભીર પ્રકારનો બનાવ બનેલ હોય સદર ગુનાના આરોપીઓને ત્વરીત ઝડપી પાડવા ક્રાઇમ બ્રાંચમાં અલગ અલગ ટીમો બનાવી ગુનો શોધી કાઢવા સી.સી.ટી.વી.ફુટેજ, મોબાઈલ સર્વેલન્સના માણસોને બાતમી હકીકત આધારે સરથાણા જકાતનાકા નવજીવન રેસ્ટોરન્ટની સામે વી.ટી. સર્કલ પાસે જાહેર રોડ પરથી આરોપી (૧)સંદિપ સુરેશભાઇ ડુંગરાણી (લેઉવા પટેલ) ઉ.વ.૨૭ ધંધો:- હીરા ઘસવાનો રહે. વિહાર સોસાયટી શેરી નં.૨, કાનજીભાઇ રબારીના મકાનમાં, વેડ રોડ, કતારગામ, સુરત મુળ રહે.પાંચપીપરાગામ, તા.પાલીતાણા, જી.ભાવનગર તથા (૨) નિકુલ ચકુરભાઇ ભીંગરાડીયા (લેઉવા પટેલ) ઉ.વ.૨૦ ધંધો:-મજુરી રહે.વિહાર સોસાયટી સંદિપના ઘરે વેડરોડ, કતારગામ, સુરત શહેર. મુળ રહે.પાંચપીપળાગામ, તા.પાલીતાણા, જી.ભાવનગર.નાઓને પકડી પાડી તેમની પાસેથી ગુનો કરવા ઉપયોગમાં લીધેલ ચપ્પુ કિ.રૂ. ૦૦/૦૦ તથા ગુનો આચરવા માટે લાલ દરવાજા પુલ નીચેથી ચોરી કરેલ વગર નંબરની હીરો સ્પ્લેન્ડર મો.સા. કિ.રૂ.૩૦,૦૦૦/- તથા ગુનો કર્યા પછી ભાગવા માટે બીજી ચોરી કરેલ હોન્ડા પેશન નં.GJ-22-K-6135 કિ.રૂ.૩૦,૦૦૦/- તેમજ મોબાઈલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૦,૫૦૦/- મળી કુલ કિ.રૂ.૭૦,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. સદર ગુનામાં સંડોવાયેલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મો.સા. ઉપર બન્ને આરોપીઓ નાસી ગયેલાની કબુલાત કરતા લુંટનો તેમજ વાહન ચોરીનો ગુનો ડીટેક્ટ કરવામાં આવેલ છે.

ડીટેક્ટ ગુના:-(૧) કતારગામ પો.સ્ટે.(A) પાર્ટ ફરીયાદ નં.૧૧૨૧૦૦૨૧૨૧૦૦૧૨/૨૦૨૧ ઇ.પી.કો.ક.૩૦૭,૪૫૨,૧૧૪ તથા જી.પી.એક્ટ ક.૧૩૫ મુજબ (ખુનની કોશીષ) (૨) રાજપીપળા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૮૨૩૦૧૭૨૧૦૦૨૫/૨૦૨૧ ઇ.પી.કો.ક.૩૭૯ મુજબ. (વાહન ચોરી)